# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૪ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯, સોમવાર; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નિર્માણાધિન મકાનો માટે જીએસટી પાંચ ટકા

**ઘર ખરીદવાનું સપનું જોતા નાગરિકોને ભેંટ : જીએસટી રેટમાં ઘટાડો કરાયો : અફોર્ડેબલ અથવા તો સસ્તા મકાનો પર જીએસટી રેટ આઠ ટકાથી ઘટાડીને એક ટકા કરવા નિર્ણય થયો : રિયલ એસ્ટેટ સેક્ટરમાં જોરદાર તેજી આવશે**



નવીદિલ્હી,તા. ૨૪

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ સાથે સંબંધિત જીએસટી કાઉન્સિલે આજે પોતાના ઘરનું સપનું જોઈ રહેલા લોકોને મોટી રાહત આપી હતી. ઘર ઉપર લાગનાર જીએસટીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે જેના ભાગરુપે નિર્માણ હેઠળ રહેલી યોજનાઓમાં મકાન પર જીએસટીના દરને ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા (ઈનપુટ ટેક્સ ક્રેડિટ વગર) કરવામાં આવ્યો છે જ્યારે સસ્તા મકાન (અફોર્ડેબલ હાઉસિંગ) પર જીએસટીના દરને આઠ ટકાથી ઘટાડીને એક ટકા (ઈનપુટ ટેક્સ ક્રેડિટ વગર) કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જીએસટીના નવા દરો બાદ બિલ્ડર્સ ઈનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરી શકશે નહીં. જીએસટી કાઉન્સિલની બેઠક બાદ નાણામંત્રી અરુણ જેટલીએ આ અંગેની જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, અમે રિયલ એસ્ટેટ સેક્ટરને મોટી રાહત આપવા જઈ રહ્યા છે. અફોર્ડેબલ હાઉસિંગની પરિભાષા બદલી દેવામાં આવી છે. વધુને વધુ લોકો આનો લાભ ઉઠાવી શકે તે દિશામાં પગલા

● અનુસંધાન પાન-૭ પર

## ત્રિવેણી સંગમમાં વડાપ્રધાનની ગંગા સ્નાન બાદ પૂજા-અર્ચના

**મોદીએ ૫ સફાઈ કર્મીઓના પગ ધોઇ આશીર્વાદ મેળવ્યા**





પ્રયાગરાજ, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પ્રયાગરાજ પહોંચ્યા હતા. અહીં આયોજિત કુંભ મેળામાં સામેલ થઈને મોદીએ ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી હતી. ગંગા સ્નાન કર્યા બાદ મોદીએ પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ મોદીએ પાંચ સફાઈ કર્મીઓના પગ ધોઈને તેમના આશીર્વાદ લીધા હતા. સફાઈ કર્મચારીઓના પગ ધોઈને મોદીએ તેમના પગ સ્વચ્છ કર્યા હતા અને આશીર્વાદ લીધા હતા. તેમને શોલની ભેંટ પણ આપી હતી. આ ગાળા દરમિયાન મોદીએ તેમની સ્થિતિ જાણવાના પ્રયાસ કર્યા હતા. કુંભમાં સ્વચ્છની વ્યવસ્થાને જોઈને મોદીએ તેમનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, કુંભના કર્મચારીઓ સાફ સફાઈને લઈને કટિબદ્ધતાથી આગળ વધી રહ્યા છે. આ લોકોએ પોતાના પ્રયાસોથી કુંભના વિશાળ ક્ષેત્રમાં રાખવામાં આવેલી સાફ સફાઈથી દુનિયામાં ચર્ચા જગાવી છે. દરેક વ્યક્તિના જીવનમાં અનેક એવા પળ આવે છે જે ખુબ યાદગાર હોય છે. આજે આવા જ પળ તેમની લાઈફમાં આવ્યા છે. મોદીએ કહ્યું હતું કે જે સફાઈ કર્મીઓના પગ ધોયા છે તે પળ જીવનભર યાદ રહેશે. આ કર્મચારીઓને સ્વચ્છ કુંભમાં મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. કુંભમાં હજુ સુધી ૨૦ કરોડ ૫૪ લાખ લોકો સ્નાન કરી ચુક્યા છે. વડાપ્રધાન મોદી ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતાના મંત્રીમંડળની સાથે આસ્થાની ડુબકી લગાવી ચુક્યા છે. મોદી દેશમાં સ્વચ્છતાના મિશનને સતત આગળ વધારી રહ્યા છે. બીજી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

## કાશ્મીરમાં કટ્ટરપંથીઓ સામે વ્યાપક દરોડા

**સેંકડોની અટકાયત : કલમ ૩૫એ અંગે સુનાવણી પહેલા મજબૂત સુરક્ષા વ્યવસ્થા : કાશ્મીર ખીણમાં સુરક્ષા દળોની જંગ ગોઠવણી-કટ્ટરપંથીઓ સામે કાર્યવાહીથી કાશ્મીર ખીણમાં અટકળોનો દોર : સરકારી કર્મચારીની રજા અંતે રદ કરાઇ**

શ્રીનગર, તા. ૨૪

કલમ ૩૫એની સુનાવણી આડે કલાકોનો ગાળો રહ્યો છે ત્યારે સાવચેતીના પગલારુપે જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો કાશ્મીર ખીણમાં આક્રમક કાર્યવાહીનો દોર જારી રાખ્યો છે. મોટી સંખ્યામાં લોકોની અટકાયત કરવામાં આવી છે. વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. સુરક્ષા દળોએ કાશ્મીરમાં આજે સતત બીજા દિવસે દરોડા પાડ્યા હતા. જમાતે ઈસ્લામી સાથે જોડાયેલા સક્રિય લોકો સામે કાર્યવાહી જારી રાખી છે. દક્ષિણ અને ઉત્તર કાશ્મીરમાં મોટી સંખ્યામાં લોકોને પકડી લેવામાં આવ્યા છે. અલગતાવાદી લીડર સઈદ અલી શાહ ગિલાનીના તહેરિકે હુર્રિયતના એક હિસ્સા તરીકે રહેલા જમાતે ઈસ્લામીના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પોલીસ અને સુરક્ષા દળો દ્વારા બિનજરૂરી હેરાનગતિ કરવામાં આવી રહી છે. બીજી બાજુ સાવચેતીરુપે મોટી સંખ્યામાં લોકોને દરોડા પાડીને પકડી લેવાયા છે. સેન્ટ્રલ અને ડિસ્ટ્રીક્ટ લેવલના લીડરોને પકડી લેવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### પાર્રિકરની તબિયત બગડતાં હોસ્પિટલમાં દાખલ

લાંબા સમયથી બીમાર ચાલી રહેલાં ગોવાના મુખ્યમંત્રી મનોહર પાર્રિકરને શનિવારે રાત્રે પરી એક વખત ગોવાની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી મળતી માહિતી મુજબ તેઓએ હાઈ ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ એન્ડોસ્કોપી માટે ગોવા મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યાં છે. હાલ પાર્રિકરની તબિયત સ્થિર છે અને તેઓને લગભગ ૪૮ કલાક ડોકટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યાં છે.

### ચીનમાં માઈનિંગ કંપનીમાં બસ દુર્ઘટના

ઉત્તર ચીનમાં એક માઈનિંગ કંપનીમાં બસ દુર્ઘટના સર્જાતા ૨૧ લોકોના મોત થયા છે તેમજ ૨૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે. શનિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૮.૨૦ કલાકે મોંગોલિયાના અંતરિયાળ સ્વાયત્ત પ્રાંતમાં આવેલી યિનમેન માઈનિંગ કંપનીના ઝિંક, લેડ અને ચાંદીની ખાણ નજીક અકસ્માત થયો હતો. પ્રાદેશિક આપદા વ્યવસ્થાપન વિભાગે જણાવ્યું કે ૫૦ જેટલા મજૂરોને લઈને જતી બસની બ્રેક ફેઈલ થવાથી ચાલકે તેનું નિયંત્રણ ગુમાવ્યું હતું અને બસ એક ટનલ સાથે જઈને અથડાઈ હતી.

### અરુણાચલ પ્રદેશમાં ડેપ્યુટી મુખ્યમંત્રીના બંગલા પર પથ્થરમારો

અરુણાચલ પ્રદેશમાં રાજ્યની બહારના લોકોને અનુસચિત જનજાતિનો દરજ્જો આપવાના વિરોધમાં હિંસા ફાટી નીકળી છે, રવિવારે બપોરે એક વાગ્યાની આસપાસ રોષે ભરાયેલા દેખાવકારોએ ડેપ્યુટી સીએમ ચૌનેમેનના બંગલા પર હુમલો કર્યો હતો, અહીં પાર્કિંગ કરેલી એક કારમાં આગ લગાવાઈ તો બંગલા પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો.

## આજે કલમ ૩૫એ મુદ્દે સુપ્રીમમાં સુનાવણી

**સસ્પેન્સ વચ્ચે સુપ્રીમ જુદા જુદા તારણોને ધ્યાનમાં લેશે : સઘન સુરક્ષા વ્યવસ્થા**

નવીદિલ્હી, તા. ૨૪

કલમ ૩૫એના મુદ્દા ઉપર આવતીકાલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવનાર છે. આને લઈને દેશભરમાં તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટ કયા પ્રકારનો આદેશ કરે છે તેને લઈને કાયદાકીય નિષ્ણાતોમાં પણ ચર્ચા છે. કલમ ૩૫એમાં જમ્મુ કાશ્મીરના લોકોને વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે. પુલવામામાં આતંકવાદી હુમલો થયા બાદ દેશભરના લોકો આ કલમને દૂર કરવા માટે માંગ કરી રહ્યા છે ત્યારે આવતીકાલે સુપ્રીમ કોર્ટ કયો ચુકાદો આપે છે તેને લઈને તમામની નજર કેન્દ્રિત છે. ૩૫એની સાથે કોઈપણ પ્રકારના ચેડા અથવા તો તેને દૂર કરવાની બાબત જમ્મુ કાશ્મીરના લોકોને મંજુર નથી. આવી સ્થિતિમાં હિંસા થવાની દહેશત પણ દેખાઈ રહી છે જેથી પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સીઆરપીએફની ૪૫, બીએસએફની ૩૫, એસએસપીની ૧૦ અને આઈટીબીપીની ૧૦ કંપનીઓ ગોઠવી દેવામાં આવી છે. રાજ્ય સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ પણ ૩૫એ હેઠળ લોકો મેળવી શકે તેવી સ્થિતિમાં નથી. અહીંની સંપત્તિ ખરીદી પણ શકવાની સ્થિતિમાં નથી. પુલવામા હુમલા બાદ દેશના લોકો આ કલમને દૂર કરવાની માંગ કરી રહ્યા છે ત્યારે આ સુનાવણી મહત્વપૂર્ણ બની છે. અલગતાવાદી નેતાઓ બંધની હાકલ કરી રહ્યા છે. રાજ્યમાં વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. રાત્રિ ગાળામાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. સેન્સરશીપ પણ લાગૂ કરવામાં આવી છે. બીજી બાજુ પોલીસે પણ ખાસ સૂચના જારી કરી છે જેમાં તમામ પબ્લિક હેલ્થ ચીફ મેડિકલ ઓફિસરને તમામ જિલ્લામાં દવા અને બીજી ચીજો સપ્લાય કરવા કહેવામાં આવ્યું છે. સરકારી કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે.

## યુપીથી કિસાન સન્માન નિધિ યોજના વિધિવત લોંચ કરાઈ

**એક ક્લિકમાં જ ખેડૂતોને ૨૦૨૧ કરોડ રૂપિયાની રકમ જમા કરાઈ : ખેડૂતોને ૨૦૦૦ રૂપિયાનો પ્રથમ હપ્તો જારી**



ગોરખપુર, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગોરખપુરમાં કિસાન સન્માન નિધિ યોજનાને વિધિવતરીતે લોંચ કરી હતી અને ટેકનોલોજીના મારફતે એક લાખથી વધારે ખેડૂતોને ૨૦૦૦ રૂપિયાનો પ્રથમ હપ્તો જારી કર્યો હતો. મોદીએ એક ક્લિકમાં જ ખેડૂતોને ૨૦૨૧ કરોડ રૂપિયાની રકમ જારી કરી હતી. બચી ગયેલા બાકી ખેડૂતોના ખાતામાં પણ પ્રથમ હપ્તાની રકમ આગામી સપ્તાહમાં પહોંચી જવાનો વિશ્વાસ પણ આપ્યો હતો. આ મહત્વકાંક્ષી યોજનાથી ૧૨ કરોડથી વધારે ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયાની રકમ સીધી રીતે તેમના બેંક ખાતામાં જમા થશે. મોદીએ આ પ્રસંગે કોંગ્રેસની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, તેઓ ખેડૂતોને ગેરમાર્ગે દોરવા માંગતા નથી.

## બાંગ્લાદેશમાં યાત્રી વિમાનના હાઈજેકનો નિષ્ફળ પ્રયાસ

**હાઈજેકરની ધરપકડ : દુબઈ જતાં બાંગ્લા વિમાનના તમામ ૧૪૨ યાત્રી સુરક્ષિત : શંકાસ્પદ વિદેશી હોવાના અહેવાલ બાદ ઉંડી તપાસ જારી**



ઢાકા, તા. ૨૪

બાંગ્લાદેશમાં આજે ઢાકાથી દુબઈ જઈ રહેલા બિમાન બાંગ્લાદેશની એક ફ્લાઈટને હાઈજેક કરવાના પ્રયાસ કર્યા હતા. ઢાકાથી વિમાને ઉડાણ ભર્યાના આશરે અડધા કલાક બાદ એક બંદૂકધારી કોકપિટમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ ચીટગાંવના શાહ અનામત ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર વિમાનને તાકિદ ઉતરાણ કરવામાં આવ્યું હતું. વિમાનને બાંગ્લાદેશી સુરક્ષા કર્મીઓ ચારેબાજુથી ઘેરી લીધું હતું. થોડીક વારમાં તમામ ૧૪૨ યાત્રીઓને સુરક્ષિત કાઢી લેવામાં આવ્યા હતા. એકમાત્ર બંદૂકધારીને પકડી લેવામાં આવ્યો હતો. બાંગ્લાદેશી સુરક્ષા ફોર્સે હાઈજેકના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલ-કાશ્મીરમાં બરફ પડતા પ્રવાસીઓ અટવાયા

**૩ વિદેશી સહિત ૭૦ પ્રવાસી હિમાચલમાં ફસાયા : હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાથી કુલ્લુ-મનાલી હાઇવે બંધ કરવા માટે ફરજ : લાપત્તા જવાનોની ઉંડી શોધખોળ**

શિમલા, તા. ૨૪

હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં જોરદાર હિમવર્ષા અને તોફાન જારી છે જેના પરિણામ સ્વરુપે સેંકડો પ્રવાસીઓ જુદી જુદી જગ્યાઓએ ફસાઈ ગયા છે. નેશનલ હાઈવે-૫ પર ત્રણ વિદેશી સહિત ૭૦ વિદેશી પ્રવાસીઓ ફસાયેલા છે. આ રસ્તા ઉપર બરફના તોફાનના કારણે હાલત કફોડી બનેલી છે. અનેક જગ્યાઓ ઉપર રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. રસ્તાને ખોલી કાઢવા માટે કાર્યવાહી ચાલી રહી છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા, વરસાદ અને તોફાનના કારણે રસ્તા બંધ કરવામાં આવ્યા છે. કુલ્લુ-મનાલી હાઈવે બંધ સ્થિતિમાં છે. શ્રેણીબદ્ધ જગ્યાઓએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. ચીન-ભારત સરહદ ઉપર શિપકી-લાસીમા સરહદ નજીક છેલ્લા ત્રણ દિવસથી ભેખડો ધસી પડવાના બનાવોમાં



ફસાયેલા પાંચ જવાનો અંગે કોઈ માહિતી મળી શકી નથી. હવાલદાર રાકેશકુમારનો મૃતદેહ એજ દિવસે મળી આવ્યો હતો જ્યારે અન્ય પાંચ જવાનો લાપત્તા બનેલા છે. કિન્નોર જિલ્લા જનસંપર્ક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સેનાના ૨૨૦ અને આઈટીબીપના ૩૦ જવાનોએ ગઈકાલે સાંજે મોડી રાત્રે શોધખોળ કામગીરી હાથ ધરી હતી. સંરક્ષણ પ્રવક્તાએ વિગત આપતા કહ્યું છે કે, ટ્રેનિંગ મેળવી ચુકેલા ખાસ પ્રકારના શ્વાન અને મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## કિસાન યોજના મુદ્દે અખિલેશ અને માયાવતીના મોદી પર પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૪

આગામી લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરી ત્યારે ખેડૂતોને લઈને આક્ષેપબાજીનો દોર શરૂ થયો હતો. એકબાજુ મોદીએ આ યોજના માટે પોતાની સરકારની પ્રશંસા કરી હતી. મોદીએ આ ગાળા દરમિયાન વિપક્ષ ઉપર પ્રહાર કર્યા હતા. સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ખેડૂત અન્નદાતા જે સમગ્ર દેશમાં લોકોના પેટ ભરે છે. આજે સરકારની નીતિઓના લીધે દેવામાં ડુબેલા છે. કેન્દ્રના સરકાર બનતાની સાથે જ પ્રથમ કામ ૧૦૦ ટકા દેવા માફીનું કરવામાં આવશે ત્યાર બાદ એવી નીતિઓ લાવવામાં આવશે જેનાથી ખેડૂતોનો વિકાસ થશે. હવે સ્વર્ણિમ ક્રાંતિનો સમાય આવી ગયો છે. ખેડૂતો પર સંકટ એક રાષ્ટ્રીય સંકટ છે. આના માટે રાષ્ટ્રીય સમાધાનની જરૂર છે.

## શહીદોના સન્માનમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક આજે ખુલ્લુ મુકાશે

નવી દિલ્હી, તા. ૨૪

શહીદોના સન્માનમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક હવે તૈયાર કરી લેવામાં આવ્યું છે. દેશના સૈનિકોના શૌર્ય અને બલિદાનના આ પ્રતિક સમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્મારકનું મોદી આવતીકાલે ઉદ્ઘાટન કરશે. દેશની સુરક્ષા, અખંડતા અને પ્રાણોની આહૂતિ આપનાર શહીદ જવાનોના સન્માન માટે રાષ્ટ્રીય સ્મારકની માંગ દશકોથી કરવામાં આવી રહી હતી. ૨૫મી ફેબ્રુઆરીના દિવસે એટલે કે આવતીકાલે નેશનલ વોર મેમોરિયલના ઉદ્ઘાટન સાથે જ આ માંગ પુરી થશે. ઘર જાકર બતાના કી ઉનકે સુનહરે કલ કે લિએ હમને આજ અપના બલિદાન દિયા નામના સંદેશ સાથે દિલ્હીમાં બનેલા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનો આ સંદેશ રાખવામાં આવ્યો છે. દેશના સૈનિકોના શૌર્ય અને બલિદાનના પ્રતિક સમાન સ્મારકને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આઝાદી બાદથી યુદ્ધ અને સ્વતંત્રતા આંદોલનના ગાળા દરમિયાન ઓપરેશનમાં પ્રાણોની

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**

Health, Fitness & Nutritionના વેપારના વિકાસ માટે

Female : Age - 18-30

અંગ્રેજીના જાણકાર

Only : 9106593648

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225